Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

આજનો સુવિચાર
વળતો જવાબ સહન ના થતો હોય તો આંગળી ચિંધવાનો શોખ રાખવો જોઈએ નહીં

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૯ નવેમ્બર, ૨૦૨૪
9/11/2024 * VOL : 39 * NO. 56 સંવત- ૨૦૮૧, કારતક સુદ-૮

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

# ‘મહાવિકાસ અઘાડીની ગાડીમાં ન પૈડા, ન બ્રેક’ : મોદી

## મહાવિકાસ અઘાડીમાં ડ્રાઈવીંગ સીટ પર બેસવા માટે ઝઘડો
## ધૂલેમાં જાહેરસભાને સંબોધતા મોદીએ વિપક્ષો પર કર્યા આકરા પ્રહાર



**(એજન્સી)મુંબઈ,** મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી વડાપ્રધાન મોદીએ પણ ચૂંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે. પીએમ મોદીએ આજે મહારાષ્ટ્રના ધૂલેમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ પહેલા તો સભામાં આવેલી જનતાનો આભાર માન્યો અને ત્યારબાદ મહાવિકાસ અઘાડી પર આકરા પ્રહાર કર્યા. પીએમ મોદીએ રેલીમાં કહ્યું કે, ‘મહારાષ્ટ્ર પાસેથી મેં જ્યારે પણ કંઈ માગ્યું છે, ત્યારે મહારાષ્ટ્રના લોકોએ દિલ ખોલીને મને આશીર્વાદ આપ્યા છે.

પીએમ મોદીએ જનસભામાં કહ્યું કે, ‘૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં હું તમારી વચ્ચે આવ્યો હતો. મેં તમારી પાસે મહારાષ્ટ્રમાં ભાજપ સરકાર માટે આગ્રહ કર્યો હતો. તમે મહારાષ્ટ્રમાં ૧૫ વર્ષના લાંબા રાજકીય ચક્રને તોડીને ભાજપને અભૂતપૂર્વ જીત અપાવી. આજે હું ફરી એકવાર અહીં ધૂલેની ધરતી પર આવ્યો છું. હું ધૂલેથી જ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરી રહ્યો છું. ‘

પીએમ મોદીએ કહ્યું કે, ‘કેટલાક લોકોની રાજનીતિનો આધાર માત્ર લૂંટ છે. મહાવિકાસ અઘાડીની ગાડીમાં માત્ર ડ્રાઈવર સીટ માટે જ ઝઘડો છે. તેમની કારમાં ન તો પૈડુ છે કે ન તો બ્રેક છે. તે સત્તામાં આવીને વિકાસ ઠપ કરી દે છે. અમારી યોજનાઓને MVA સહન નથી કરી શકતી. પીએમ મોદીએ કહ્યું કે અમે જનતાની સેવા કરવા માટે રાજકારણમાં છીએ. આગામી ૫ વર્ષ મહારાષ્ટ્રની પ્રગતિને નવી ઊંચાઈ પર લઈ જઈશું. મહારાષ્ટ્રને જે સુશાસનની જરૂર છે તે માત્ર મહાયુતિ સરકાર જ આપી શકે છે.‘

પીએમ મોદીએ રેલીમાં આવેલા લોકોને કહ્યું કે, ‘અમને બધાને, ભાજપને, મહાયુતિને, મહાયુતિના દરેક ઉમેદવારને તમારા આશીર્વાદની જરૂર છે. હું તમને વિશ્વાસ અપાવું છું કે છેલ્લા ૨.૫ વર્ષમાં મહારાષ્ટ્રના વિકાસને જે ગતિ મળી છે તેને રોકીશું નહીં. મહાયુતિનું વચનનામું શાનદાર છે, મહાયુતિના સંકલ્પો પર ચર્ચા થઈ રહી છે.‘

પીએમ મોદીએ રેલીમાં કહ્યું કે મહાવિકાસ અઘાડીના લોકો મહિલાઓને અપશબ્દો કહે છે. મહારાષ્ટ્રની જનતા તેમને માફ ન કરે. તેઓ મહિલાઓને સશક્ત નથી થવા દેવા માગતા. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે MVAના લોકો મહિલાઓને નીચી દેખાડે છે. તેઓ લાડલી બહેના યોજના બંધ કરી દેશે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ નક્કી કર્યું છે કે જો તેમને સત્તા મળશે તો તેઓ આ યોજનાને સૌથી પહેલા બંધ કરશે. આથી મહારાષ્ટ્રની દરેક મહિલાએ આ અઘાડી લોકોથી સાવધ રહેવું પડશે. પીએમ મોદીએ ધુલેમાં જાહેર સભામાં કહ્યું કે વિકસિત મહારાષ્ટ્ર અને વિકસિત ભારત માટે આપણી બહેનો અને દીકરીઓનું જીવન સરળ બનાવવું અને તેમને સશક્ત બનાવવું ખૂબ જ જરૂરી છે. જ્યારે મહિલાઓ આગળ વધે છે ત્યારે આખો સમાજ ઝડપથી પ્રગતિ કરે છે. તેથી છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે મહિલાઓને કેન્દ્રમાં રાખીને મોટા નિર્ણયો લીધા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચેમ્પિયન્સ ટ્રોફી રમવા ભારતીય ટીમ પાકિસ્તાનમાં નહીં જાય

**(એજન્સી)નવી દિલ્હી,** ભારતીય કંટ્રોલ ક્રિકેટ બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને મોટું અપડેટ આપ્યું છે. BCCI સ્પષ્ટ કર્યું છે કે, ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં રમવા માંટે પાકિસ્તાન નહીં જાય. તેમનું કહેવું છે કે, ટીમ તેની મેચ ન્યૂટ્રલ વેન્યુ પર રમશે. મહત્ત્વપૂર્ણ છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન આવતા વર્ષની શરૂઆતમાં થવાનું છે અને ટૂર્નામેન્ટની યજમાનીનો અધિકાર પાકિસ્તાન પાસે છે. એવા અહેવાલો પણ બહાર આવી રહ્યા છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં યોજવા માટે સંમતિ દર્શાવી છે. અહેવાલો અનુસાર, ટીમ ઈન્ડિયા તેની તમામ ચેમ્પિયન્સ ટ્રોફી મેચ દુબઈમાં રમી શકે છે. અગાઉ એશિયા કપનું પણ હાઈબ્રિડ મોડલમાં આયોજન કરવામાં આવ્યું હતુ.ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભાગ લેવા માટે પાકિસ્તાન નહીં જાય. અહેવાલ મુજબ, BCCI એ PCBને સ્પષ્ટ શબ્દોમાં આ વાત કહી છે. આ જ કારણ છે કે હવે ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં યોજવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

### બિહારના પૂર્ણિયામાં છઠ ઘાટ પર તોડફોડ કરાઈ

**(એજન્સી)પટણા,** બિહારમાં આજ પહેલા ક્યારેય છઠ ઘાટ અને છઠ ઉપવાસ કરનારાઓને નુકસાન પહોંચાડવાની ઘટના બની નથી પરંતુ આ વખતે પૂર્ણિયાના છઠ ઘાટ પર હંગામો મચી ગયો છે. આવરાતત્વોએ છઠ ઘાટને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધો છે. ઘાટ ઉપર લાગેલા પથ્થર તોડી નાખ્યા હતા અને ત્યાં પડેલી તમામ પૂજા સામગ્રી ફેંકી દેવામાં આવી છે. ઘાટ સંપૂર્ણ ખંડેર થઈ ગયો છે. આ ઘટના માત્ર પૂર્ણિયા માટે જ નહીં પરંતુ સમગ્ર બિહાર માટે શરમજનક છે. આ ઘટના બાદ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટના બાદ છઠ ઉપવાસ કરનારા લોકોએ ગામના આવરાતત્વો ઉપર આરોપ લગાવ્યો છે. આ ઘટના બયાસી પોલીસ સ્ટેશન વિસ્તારના હરિનતોડ પંચાયતના માલા ગામની જણાવવામાં આવી રહી છે.

# મથુરા જતા ગુજરાતી શ્રદ્ધાળુઓથી ભરેલી બસનો અકસ્માત : ત્રણના મોત

## ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા

**(એજન્સી)આગ્રા,** હરિદ્વારથી અયોધ્યા ગુજરાતી શ્રદ્ધાળુઓથી ભરેલી બસનો ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આગરા-લખનઉ એક્સપ્રેસ હાઈવે પર બસની ટ્રોલી સાથે ટક્કર બાદ ત્રણ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જ્યારે ૫૦ જેટલા ગુજરાતીઓને ઈજા પહોંચી છે. જેમાં ૨ લોકોની હાલત ગંભીર હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ છે.

બસ અકસ્માતમાં ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓને સૈફઈ મેડિકલ કોલેજ, ફિરોજાબાદ જિલ્લાની હોસ્પિટલ અને શિકોહાબાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતમાં ભોગ બનેલા ગુજરાતીઓ દાદાર નગર હવેલીના રહેવાનું હોવાનું જાણવા મળ્યું છે. તેઓ તીર્થયાત્રાએ નિકળ્યા હતા. આ લોકો કાશી વિશ્વનાથ અને અયોધ્યામાં પ્રભુ રામના દર્શન કરી મથુરા વૃંદાવન જઈ રહ્યા હતા. ફિરોજાબાદ જિલ્લામાં આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર માઈલ્સ્ટોન ૫૪ પાસે અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ત્રણ લોકોના મોત નિપજ્યા છે. આ લોકો અયોધ્યાથી મથુરા જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**આ શ્રદ્ધાળુઓ થયા ઘાયલ**

તારાબેન નિવાસી ચંદૌરિયા અમદાવાદ (૬૮ વર્ષ) પરાફૂલ (૬૯ વર્ષ) વિલાસ પાન (૬૩ વર્ષ) સીતારામ (૬૨ વર્ષ) સુરેન્દ્રાબેન (૫૫ વર્ષ) દૌવા (૬૦ વર્ષ) મધુબેન (૭૪ વર્ષ) માર્ગી પટેલ (૪૫ વર્ષ) કાંતિલાલ (૮૧ વર્ષ) ખેમીબેન (૭૨ વર્ષ) આશાબેન (૪૪ વર્ષ) હર્ષાબેન (૬૩ વર્ષ) નાથાભાઈ (૭૪ વર્ષ) જયાબેન (૬૦ વર્ષ) લીલાબેન (૬૧ વર્ષ) સુમિતાબેન (૩૫) દુર્ગાબેન (૬૦) વિજય ત્રિવેદી (૩૭ વર્ષ) કલ્પનાબેન (૩૭ વર્ષ) સરિતાબેન (૬૦ વર્ષ) ઉષાબેન (૫૪ વર્ષ) નવીનભાઈ (૭૨ વર્ષ) મુસ્કાન (૧૮ વર્ષ) ખુશ્બુ (૧૮ વર્ષ) હર્ષ ભાઈ (૪૭ વર્ષ) પ્રજ્ઞેશભાઈ (૩૭ વર્ષ) હસુમતીબેન મોદી (૪૦ વર્ષ) કાંતાબેન (૫૫ વર્ષ) હિરેન્દ્રસિંહ (૪૫ વર્ષ) કાળુભાઈ ( ૨૭ વર્ષ) બંધન હીરા (૪૪ વર્ષ) પીરભા (૬૧ વર્ષ) મહરિયા (૫૪ વર્ષ) બાબરલા( ૩૨ વર્ષ) દુલેશ્વર ( ૧૩ વર્ષ) દુર્ગેશસિંહ રણોત, ઉદેપુર (૪૧ વર્ષ) હંસાબેન (૬૦ વર્ષ) હરસિત (૬૧ વર્ષ) લલ્લન (૬૦ વર્ષ)

# ભારત વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ થવા હક્કદાર : પુતિન

**(એજન્સી)મોસ્કો,** રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના વખાણ કર્યા બાદ હવે ભારતને વૈશ્વિક મહાસત્તાની યાદીમાં સામેલ કરવા લાયક જાહેર કર્યું છે. પુતિનના આ નિવેદને વિશ્વ પર પ્રભુત્વ અને પ્રભાવ પાડવાના ઈરાદા ધરાવતા દેશોને ચોંકાવી દીધા છે. પુતિને કહ્યું છે કે ભારત વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ થવાને સંપૂર્ણપણે લાયક છે, કારણ કે તેની અર્થવ્યવસ્થા હાલમાં અન્ય કોઈ પણ દેશની તુલનામાં ઝડપથી વધી રહી છે. ગુરુવારે સોચીમાં ‘વલ્ડાઈ ડિસ્કશન ક્લબ’ના પૂર્ણ સત્રને સંબોધિત કરતી વખતે, પુતિને એમ પણ કહ્યું હતું કે રશિયા ભારત સાથે તમામ દિશામાં સંબંધો વિકસાવી રહ્યું છે અને બંને દેશો દ્વિપક્ષીય સંબંધોમાં એકબીજા પર ઊંડો વિશ્વાસ ધરાવે છે.

રશિયન પ્રમુખે કહ્યું, “ભારતને તેની દોઢ અબજની વસ્તી, વિશ્વની તમામ અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વૃદ્ધિ, પ્રાચીન સંસ્કૃતિ અને ભવિષ્યના વિકાસની ખૂબ સારી સંભાવનાઓને કારણે નિઃશંકપણે મહાસત્તાઓની યાદીમાં સામેલ થવું જોઈએ. ભારતને એક મહાન દેશ ગણાવતા તેમણે કહ્યું, “અમે ભારત સાથે તમામ દિશામાં સંબંધો વિકસાવી રહ્યા છીએ. ભારત એક મહાન દેશ છે, હવે ૧.૫ અબજની વસ્તી સાથે વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટો દેશ છે અને તે પણ જ્યાં દર વર્ષે વસ્તીમાં એક કરોડનો વધારો થાય છે.

પ્રમુખ પુતિને કહ્યું કે ભારત આર્થિક પ્રગતિના મામલે વિશ્વમાં અગ્રેસર છે. રશિયન સમાચાર એજન્સી તાસે પુતિનને ટાંકીને જણાવ્યું હતું કે, “અમારા સંબંધો ક્યાં અને કઈ ગતિએ વિકસિત થશે તે અંગેનું અમારું વિઝન આજની વાસ્તવિકતાઓ પર આધારિત છે.” અમારો સહયોગ દર વર્ષે અનેકગણો વધી રહ્યો છે. પુતિને કહ્યું કે ભારત અને રશિયા વચ્ચે સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સંપર્કો વધી રહ્યા છે. તેમણે કહ્યું, “જુઓ કેટલા પ્રકારના રશિયન લશ્કરી સાધનો ભારતીય સશસ્ત્ર દળોની સેવામાં છે. આ સંબંધમાં ઘણો વિશ્વાસ છે.

# જમ્મુ-કાશ્મીરના સોપોરમાં સેના અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ : બે આતંકી ઠાર

**(એજન્સી)શ્રીનગર,** જમ્મુ-કાશ્મીરના સોપોર વિસ્તારમાં છુપાયેલા આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે ગુરુવારે ગોળીબાર શરૂ થયો હતો. મોડીરાતથી ચાલી રહેલી અથડામણમાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, “સોપોરના સાગીપોરા વિસ્તારમાં આતંકવાદીઓનું એક ગ્રુપ છુપાયું હોવાની ચોક્કસ બાતમી મળ્યા બાદ સંયુકત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.” આ પહેલા બુધવારે બાંદીપોરા અને કુપવાડામાં પણ સેનાએ આતંકીઓનો સામનો કર્યો હતો. કુપવાડાના લોલાબમાં થયેલી અથડામણમાં એક આતંકી માર્યો ગયો હતો. સેનાએ બાંદીપોરામાં પણ એક આતંકીને ઠાર માર્યો હતા.

આતંકવાદીઓની નજીક પહોંચ્યા ત્યારે તેઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને એન્કાઉન્ટર કર્યું. મળતી માહિતી મુજબ, અહીં ત્રણથી ચાર આતંકીઓ છુપાયા છે જેમાંથી સેનાએ ૨ આતંકીઓને ઠાર માર્યા છે. કાશ્મીર ઝોન પોલીસે કહ્યું કે, માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ અને જોડાણની ખાતરી કરવામાં આવી રહી છે. તેમની પાસેથી ગુનાહિત સામગ્રી, હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. આતંકવાદીઓના અનેક હુમલા બાદ સુરક્ષા દળોએ તાજેતરના સમયમાં આતંકવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન વધાર્યું છે.

૨૦ ઓક્ટોબરના રોજ, આતંકવાદીઓએ ગાંદરબલ જિલ્લાના ગગનગીર વિસ્તારમાં એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ કંપનીના લેબર કેમ્પ પર હુમલો કર્યો હતો, જેમાં સાત લોકો માર્યા ગયા હતા. ૨૪ ઓક્ટોબરે બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગના બોટાપાથરી વિસ્તારમાં આતંકવાદીઓએ સેનાના એક વાહન પર હુમલો કર્યો હતો, જેમાં સેનાના ત્રણ જવાન અને બે નાગરિક કુલીઓ માર્યા ગયા હતા. ગગનગીર અને ગુલમર્ગની વ્યાપક નિંદા કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે, “આ બે આતંકવાદી હુમલામાં સામેલ લોકોને ભારે કિંમત ચૂકવવી પડશે. નાગરિકોના લોહીના દરેક ટીપાનો બદલો લેવામાં આવશે.”

સર્ટીફાઈડ ગ્રહોના રત્નો
સ્થાપના : ૧૯૩૩
તા. ૨૪/૧૦ ગુરુ પુષ્ય નક્ષત્ર તથા તા. ૨૯/૧૦ ધનતેરસ ના શુભ મુહૂર્તમાં ખરીદી કરો ૧૦૦ % જેન્યુન ક્વોલીટી
હિંમતલાલ ટી.પાટડીયા
વર્ષો થી એક ધારો વિશ્વાસ
સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર, અમદાવાદ-૧
M- 9825035165, 7229035165
જ્યોતિષ માર્ગદર્શન મળશે- રવિવારે ચાલુ

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઇન્દોર, બૈતુલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

Shagun An ISO 9001-2000 Certied Company
ગ્રહોના રીયલ નંગમાં વિશાળ શ્રેણી કલેક્શન
દરેક ગ્રહોના રીયલ નંગ ગેરન્ટી કાર્ડ સાથે મળશે
એસ. પરોપકાર સિંહ જોહરી એન્ડ સન્સ
ચાંદલા ઓળ, માણેકચોક અમદાવાદ. Ph: 9265682478 / 93755 31688 Email:shagunratna88@yahoo.com

શ્રી કામધેનુ
સ્પે.મીક્ષ બરફી- મીક્ષ મીઠાઈ દુગ્ધાલય
નવરાત્રી તથા દિવાળી માટે સ્પે.દુધનો હલવો
વલોણાનું શુદ્ધ ઘી- ગાયનું શુદ્ધ ઘી
મઠો:- કેસર-ફ્રુટ-મેંગો-કાજુ અંજીર તથા પ્રસાદીયા પેંડા મળશે.
૨૧/૨૨, મહારાણા પ્રતાપ સેન્ટર, વી.એસ. હોસ્પીટલની પાસે, કાપડીયા ગેસ્ટહાઉસની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬. ધવલ મોદી ફોન નં.૯૫૮૬૦૦૦૦૭૭

Only Couple જીરાવાલા ટુર્સ
KASHMIR SRINAGAR GULMARG SONMARG 10 DAYS
KASHMIR SRINAGAR VAISHNODEVI MANALI SIMLA 17 DAYS
EXPRESS SIMLA MANALI 10 DAYS
SIMLA MANALI DALHOUSIE 12 DAYS
AGRA - DELHI SIMLA MANALI AMRITSAR 13 DAYS
GOA MAHABALESHWAR LONAVALA 08 DAYS
BANGALORE OOTY MYSORE 10 DAYS
KUMBHALGARH JODHPUR JAISALMER 06 DAYS
M. 94087 77333, 94267 55909, 99254 64333
Maninagar : 94280 88705, 99132 19706

લગ્ન ની શોપીંગ તો MAHESHWARI માંથી જ
LIFESTYLE
શેરવાની વર્ક ફક્ત 7,999/- થી શરૂ
ટક્ષીડો શુટ ફક્ત 4,999/- થી શરૂ
કોટી - કૂર્તા સેટ ફક્ત 3,499/- થી શરૂ



3 પેન્ટ + 3 શર્ટ
(કાપડ + સિલાઈ સાથે)
ફક્ત 5,999/- થી શરૂ
Arvind Raymond
(તમારા બધા જ પ્રસંગ માટે એક જ પેકેજ)
દુલ્હા પેકેજ
(શેરવાની સેટ + ટક્ષીડો શુટ + કોટી-કૂર્તા સેટ)
ફક્ત 10,999/- થી 39,500/- સુધી
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sundernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

વેસ્ટર્ન ટાઈમ્સ ગુજરાતી આવૃત્તિના
આગળના પાના વાંચવા માટે
નીચેની લીંક પર ક્લિકકરો

વેસ્ટર્ન ટાઇમ્સ




To read the other pages of
Western Times English Edition
Click on the link below

Western Times




www.westerntimesnews.in

For any type of inquiry
079-26402880